પોલીસ કમિશનરનીકચેરી,
શાહીબાગ,અમદાવાદશહેર - ૩૮૦૦૦૪
ટેલી. ૦૭૯-૨૫૬૩૩૬૩૬ફેક્સ:૦૭૯-૨૫૬૩૦૬૦૦
ઇ-મેઇલ: cp-ahd@gujarat.gov.in

ક્રમાંક: જી/૭૨૫/ સીપી/૩૧૬૬/૨૦૨૫ તા: 03/0૪/૨૦૨૫.

**કચેરી હુકમ: ૪૦/૨૦૨૫**

વિષયઃ- પોલીસ ઇન્સ્પેકટર તથા તેથી ઉપરના દરજ્જાના અધિકારીઓ દ્વારા મુલાકાતીઓને મુલાકાત આપવા બાબત.

અમદાવાદ પોલીસ કમિશનરેટ હસ્તકના પોલીસ સ્ટેશન તથા કચેરીઓમાં આવતા મુલાકાતીઓને મુલાકાત આપવા માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧/- **ખાસ પોલીસ કમિશનરશ્રી/સંયુક્ત પોલીસ કમિશનરશ્રી/અધિક પોલીસ કમિશનરશ્રી/નાયબ પોલીસ કમિશનરશ્રી/મદદનીશ પોલીસ કમિશનરશ્રી માટે.**

૧.૧ ખાસ પોલીસ કમિશનરશ્રી/સંયુક્ત પોલીસ કમિશનરશ્રી/અધિક પોલીસ કમિશનરશ્રી/નાયબ પોલીસ કમિશનરશ્રી/મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓએ દરરોજ સવારે કલાક-૧૨.00 થી કલાક-૧૪.00 ની વચ્ચે પોતાની કચેરીમાં આવતા મુલાકાતીઓને કચેરી ખાતે હાજર રહી મુલાકાત આપી તેઓની રજુઆતો સાંભળવાની રહેશે. અને મુલાકાતી પોતાની રજુઆત અંગે લેખિતમાં અરજી આપે તો તે અરજી સ્વીકારી તેના ઉપર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. અનિવાર્ય સંજોગોમાં કચેરીમાં તેઓ હાજર ના હોય તો તેઓની કચેરીના રીડર પો.સ.ઇ./અંગત મદદનીશએ અરજદારોને મળી અરજદારની રજુઆત સાંભળવાની રહેશે અને અરજી મેળવી અધિકારી સમક્ષ જરૂરી કાર્યવાહી માટે વંચાણે મુકવાની રહેશે.

૨/- **પોલીસ ઇન્સ્પેકટર (થાણા અમલદાર માટે)**

૨.૧ સામાન્ય રીતે થાણા અમલદારોને સવારના સમયે કોર્ટમાં ગુન્હાના કામે મુદતે, તપાસનાં કામે સોગંદનામા અર્થે તેમજ અન્ય કામો અંગે હાજર રહેવાનું હોય છે.જેથી તેઓ સવારના કલાક-૧૨.00 થી કલાક-૧૪.00 ની વચ્ચે થાણામાં આવતા મુલાકાતીઓને કયારેક ના પણ મળી શકે.તેથી થાણા અમલદારોએ દરરોજ સાંજે કલાક-૧૬.00 થી કલાક-૧૮.00 ની વચ્ચે પોતાના થાણામાં હાજર રહી મુલાકાત માટે આવતા મુલાકાતીઓને મુલાકાત આપી તેઓની રજુઆતો સાંભળવાની રહેશે. અને મુલાકાતી પોતાની રજુઆત અંગે લેખિતમાં અરજી આપે તો તે અરજી સ્વીકારી તેના ઉપર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

૨.૨ ત્યારબાદ થાણા અમલદારોએ દરરોજ સાંજે કલાક-૧૮.00 થી કલાક-૨૧.00 વાગ્યા દરમ્યાન પોતાના થાણા વિસ્તારમાં પેટ્રોલિંગ, વાહન ચેકીંગ, ગુન્હેગારોનું ચેકીંગ, નાસતા ફરતા આરોપીઓનું ચેકીંગ, હીસ્ટ્રીશીટરોનું ચેકીંગ જેવી કામગીરી પોલીસ સ્ટેશનથી બહાર નીકળી પોતાના વિસ્તારમાં કરવાની રહેશે. તેમજ આ બાબતે નાયબ પોલીસ

કમિશનરશ્રીઓએ પોતાના તાબાના થાણા અમલદારની ઓચિંતી મુલાકાત લઇ ચેકીંગ કરવાનું રહેશે.

૨.૩ થાણા અમલદારોએ કલાક-૨૧.૦૦ થી કલાક-૨૪.૦૦ સુધી થાણા વિસ્તારમાં હાજર રહી પોલીસ સ્ટેશન/તપાસને લગતા અન્ય કામો કરવાના રહેશે. તેઓ પોતાનો પોલીસ સ્ટેશનનો વિસ્તાર કલાક-૨૪.૦૦ સુધી કોઇપણ સંજોગોમાં છોડશે નહિ. જો તેઓને કોઇ આકસ્મિક કારણોસર તે સમય દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તાર છોડવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો સંબંધિત નાયબ પોલીસ કમિશનરશ્રીની પૂર્વમંજુરી મેળવ્યા બાદ જ વિસ્તાર છોડી શકશે.

૨.૪ જ્યારે થાણા અમલદારની નાઇટ રાઉન્ડ હોય ત્યારે તેઓ કલાક-૨૧.૩૦ વાગે પોલીસ સ્ટેશન વિસ્તાર છોડી શકશે અને કલાક-૨૩.૦૦ વાગે રાબેતા મુજબ નાઇટ રાઉન્ડમાં નીકળવાનું રહેશે. બાદ નિયમ મુજબ કલાક-૨૩.૦૦ થી કલાક-૦૫.૦૦ સુધી નાઇટ રાઉન્ડ કરવાની રહેશે.

૨.૫ તમામ થાણા અમલદારોએ જે દિવસે નાઇટ રાઉન્ડ હોય તેના બીજા દિવસે કલાક-૧૨.૩૦ વાગ્યા સુધીમાં પોલીસ સ્ટેશન ખાતે પોતાની ફરજ ઉપર પહોંચી જવાનું રહેશે તેમજ જ્યારે નાઇટ રાઉન્ડ ના હોય તો સવારે કલાક-૧૦.૦૦ વાગ્યા સુધીમાં પોલીસ સ્ટેશન ખાતે ફરજ ઉપર પહોંચવાનું રહેશે.

૩/- ઉપરોકત હુકમથી આપેલ સુચનાઓ અમદાવાદ શહેરની તમામ કચેરીઓ તથા પોલીસ સ્ટેશન (ક્રાઇમ, સાયબર, મહિલા અને ટ્રાફિક પોલીસ સ્ટેશન સહિત તમામ)ને લાગુ પડશે.

૪/- આ સુચનાઓનું ખાસ/સંયુકત/અધિક/નાયબ પોલીસ કમિશ્નરનાઓએ અચૂકપણે પાલન કરવા/કરાવવાનું રહેશે.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

પ્રતિ,

(૧) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, ટ્રાફીકશાખા, અમદાવાદ શહેર.
(૨) અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧,સેકટર-૨,વિશેષ શાખા,વહીવટ અમદાવાદ શહેર.
(૩) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદશહેર.
(૪) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદશહેર.
(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૬) પોલીસ કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અત્રેની કચેરી, અમદાવાદ શહેર.

**નકલ રવાના :**

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર.
૨/- ઉપર જણાવેલ તમામને ઇ મેઇલ કરવા સારૂ.
(૨) હેડ કલાર્કશ્રી, રેકર્ડ શાખા, અત્રેની કચેરી, અમદાવાદ શહેર.
૨/- જરૂરી રેકર્ડ રાખવા સારૂ.